રજુ.તા. ૨૯/૦૪/૨૦૨૫
દાખલ તા. ૨૯/૦૪/૨૦૨૫
ફેંસલ તા. ૨૪/૦૬/૨૦૨૬

---

**ઝગડીયાના મહેરબાન અધિક ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ)સાહેબની કોર્ટમાં,મુ.ઝગડીયા.**

---

ફોજ.કેસ.નં.૧૯૧૨/૨૦૨૫

આંક :

શ્રી સરકાર .....ફરીયાદી

વિરૂધ્ધ

(૧) સંજયભાઈ સકીલાલભાઈ વસાવા,
રહે.મુંગજ ગામ, તા.નેત્રંગ, જી.ભરૂચ

.....આરોપી

| | |
|---|---|
| ગુન્હો | ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧,૧૨૫એ, ૧૨૫બી તથા એમ. વી.એકટની કલમ:૧૭૭,૧૮૪ મુજબ.... |

ફરીયાદી તરફે વિ.એ.પી.પી શ્રી એન.પી.ઉમરીયા

આરોપી તરફે વિ.વકીલ શ્રી–એમ.એફ.મન્સુરી

–:ચુકાદો:–

(૧) ફરીયાદ પક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદી પોતાની પત્ની સાથે પોતાની એકટીવા ગાડી નં. જીજે.૧૯.ડી.એફ.૭૧૯૯ ની ચલાવી લઈને રંદેરી ગામે લગ્ન પ્રસંગમા જતા હતા તે દરમીયાન કલાક ૨૦:૦૦ વાગ્યાના અરસામા ઝઘડીયામા આવેલ વીર ફાર્મા કંપની પાસે રોડ પર આ કામના આરોપીએ પોતાની સાઈન મો.સા નં. જીજે.

૧૬.ડી.ઈ.૪૦૧૦ પુરઝડપે ચલાવી ગફલતભરી રીતે હંકારી ફરીયાદીને એકસીડેન્ટ કરી ડાબી બાજુ ઝાયગોમેટીક આર્ચ ફ્રેકચર તથા જમણા હાથે ડાબા પગે સામાન્ય ઈજાઓ કરી તેમજ સાહેદ પત્ની ની જમણા પગે ઈજા કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧,૧૨૫એ, ૧૨૫બી તથા એમ. વી.એકટની કલમ: ૧૭૭,૧૮૪ મુજબ ગુનો કર્યાની ફરિયાદીની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી, તપાસનીશ અધિકારીને તપાસ સોંપતાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરી લાગતા વળગતા શાહેદોના જવાબો નોંધી, આરોપી સામે પૂરતો પુરાવો જણાતા હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨) સદરહું કામે આરોપી સામે સમન્સ કરતાં, આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરી, આરોપીને તહોમતનામુ ફરમાવતા, તેઓએ તેમની સામેનાં આરોપનો ઈન્કાર કરતાં સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીનું **બી.એન.એસ.એસની કલમ–૩૫૧** હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૪) ત્યારબાદ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો. પક્ષકારોનાં વિ.વ.શ્રીની દલીલો સાંભળી. સદરહું કેસનો ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે :–

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે આ કામના ફરીયાદી પોતાની પત્ની સાથે પોતાની એકટીવા ગાડી નં. જીજે.૧૯.ડી.એફ.૭૧૯૯ ની ચલાવી લઈને રંદેરી ગામે લગ્ન પ્રસંગમા જતા હતા તે દરમીયાન કલાક ૨૦:૦૦ વાગ્યાના અરસામા ઝઘડીયામા આવેલ વીર ફાર્મા કંપની પાસે રોડ પર આ કામના આરોપીએ પોતાની સાઈન મો.સા નં. જીજે. ૧૬.ડી.ઈ.૪૦૧૦ પુરઝડપે ચલાવી ગફલતભરી રીતે હંકારી ફરીયાદીને એકસીડેન્ટ કરી ડાબી બાજુ ઝાયગોમેટીક આર્ચ ફ્રેકચર તથા જમણા હાથે ડાબા પગે સામાન્ય ઈજાઓ કરી તેમજ સાહેદ પત્ની ની જમણા પગે ઈજા કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧,૧૨૫એ, ૧૨૫બી તથા એમ. વી.એકટની કલમ: ૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓ અન્વયે મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

– : કા ર ણો : –

મુદા નંબર ૧ :–

(૬) ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામા આવેલ નથી કે તે માટે કાનુન સમર્પિત કોઈ નિયમ નથી, પુરાવાનું મુલ્યાંકન કેવીરીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાનાં મુલ્યાંકનનો આધાર પુરાવાનાં કાયદાની કલમ–૩માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ ૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૭) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવામાં ઉપસ્થિત થયેલ હકીકતને ધ્યાને લઈએ તો,સદર કામે આંક–૭ થી ફરીયાદી મુકેશભાઈ ઈશ્વરભાઈ તથા આંક–૯ થી સાહેદ નીતાબેન મુકેશભાઈની જુબાની નોંધવામાં આવેલ જેમા તેઓએ તેઓ અને તેમના પત્ની તેમની એકટીવા પર લગ્નમા જતા હતા તે વખતે એક અજાણ્યા મો.સા ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તેઓની એકટીવાને ટકકર મારતા તેઓ તથા

તેઓના પત્ની પડી ગયેલા અને તેઓના પત્નીને માથામા તેમજ જમણા હાથે ખભા પાસે મુઢ માર વાગેલ અને તેઓને માથામા ડાબી સાઈડે મુઢ માર તેમજ પગમા એડીના ભાગે તથા જમણા હાથના કાંડાના ભાગે મુઢ માર તથા ડાબા પગે ઘુંટણ પર ચામડી છોલાઈ ગયેલ અને ઈજા થયેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમા સદરહુ સાહેદોએ તેઓની જુબાનીમા સદર અકસ્માત સામેવાળી બાઈક ચાલકની ભુલના કારણે બનેલો, સદર બાઈકનો નંબર કે ચાલક અંગે તેઓને કોઈ જાતમાહિતી નથી, આરોપીને તેઓ ઓળખી શકે નહી તેવી હકીકત જણાવેલ છે. આમ, સદરહુ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવામા આવેલ છે પરંતુ તેઓની ઉલટતપાસમાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નીવડે તેવી કોઈ હકીકત મળી આવેલ નથી. ત્યારબાદ સદરહુ સાહેદોની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા બનાવવાળો વિસ્તાર વાહનોની અવરજવર વાળો વિસ્તાર છે તેમજ તેઓને જે ઈજા થયેલી તે પડી જવાથી થયેલી તેમજ અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓને ખબર નથી કે વાહન ચાલકને તેઓએ જોયેલ નહી તેમજ બનાવ કોની ભુલના કારણે બનેલ તે તેઓ કહી શકે નહી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે બંને સાહેદોએ તેઓના સમગ્ર પુરાવામા આ કામના આરોપી જ કહેવાતુ અકસ્માતવાળુ વાહન ચલાવતા હતા અથવા તો તેઓએ આરોપીની સ્પષ્ટ ઓળખ પરેડ કરી બતાવેલ હોય તે મુજબની હકીકત જણાવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમા જે જગ્યાએ અકસ્માત થયેલ ત્યા વાહનોની અવરજવર રહેતી હોવાના કારણોસર સ્વતંત્ર અને બનાવને જોનાર સાહેદો મળી શકવાની સંભાવનાઓ હોવા છતા કયા કારણોસર તેવા કોઈ સાહેદોને તપાસવામા આવેલ નથી તે અંગેનો પણ કોઈ યોગ્ય ખુલાસો કરવામા આવેલ નથી જે હકીકત ફરીયાદપક્ષના કેસ સમક્ષ શંકા ઉપસ્થિત કરે છે. જેથી આરોપીએ પોતાનુ વાહન ગફલતભરી રીતે ચલાવી ફરીયાદી તથા સાહેદને ઈજા પહોચાડેલ હોય તે હકીકત યોગ્ય અને સ્પષ્ટ પુરાવાના અભાવે પુરવાર થઈ શકેલ હોવાનુ માની શકાય નહી. આમ, જયારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧,૧૨૫એ, ૧૨૫બી મુજબનો ગુનો હોય ત્યારે ફરીયાદપક્ષે આરોપીની બેદરકારીના કારણે હાલનો ગુનો બનેલ છે તેવુ રેકર્ડ ઉપર લાવવુ ખુબ જ જરૂરી છે.જેથી હાલનો બનાવ હાલના આરોપીની જ બેદરકારીથી બનેલ હોય તેવુ નિ:શંકપણે રેકર્ડ ઉપર આવેલુ નથી જેથી આરોપીને તકસીરવાન ઠરાવવો

ઉચીત જણાઈ આવતુ નથી. વધુમા સદર કામે આંક–૧૦ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, આંક–૧૧ થી એકટીવા કબજે કર્યાનુ પંચનામુ, આંક–૧૨ થી આરોપીની શરીર સ્થિતીતનુ પંચનામુ, આંક–૧૩ થી મેડીકલ સર્ટી રજુ થયેલ છે જેને એડમીટ કરવામાં આવેલ પરંતુ રેકર્ડ પરનો પુરાવો જોતા તેનુ પુરાવાકીય મુલ્ય રહેતુ નથી આમ, સમગ્ર પુરાવો જોતાં આ કામના આરોપીએ ફરીયાદમા જણાવ્યા મુજબનો કોઈ કૃત્ય કરેલ હોવાનુ પુરવાર થતુ ન હોય આ કામના આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧,૧૨૫એ, ૧૨૫બી તથા એમ. વી.એકટની કલમ: ૧૭૭,૧૮૪ મુજબનો ગુનો કરેલ હોય તેવો કોઈ પણ પુરાવો રજુ કરવામાં આવેલ નથી ત્યારે આરોપી સામેનો આરોપ શંકાથી પર સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદા નંબર ૧ નો નિર્ણય તે રીતે નકારમાં ઠરાવી મુદા નં.૨ હેઠળ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧. આરોપીને **બી.એન.એસ.એસની કલમ ૨૭૧(૧)** હેઠળ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧,૧૨૫એ, ૧૨૫બી તથા એમ. વી.એકટની કલમ: ૧૭૭,૧૮૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ અગાઉ આપેલ જામીન, હુકમની તારીખથી છ મહીના સુધી (અપીલ સમય સુધી) ચાલુ રાખવા.

હુકમ આજરોજ, ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી, જાહેર કર્યો.

તારીખ : ૨૪–૦૬–૨૦૨૬

સ્થળ : ઝઘડીયા

( **J.S.RATHORE** )

**ADDI CIVIL JUDGE & J.M.F.C**

**JHAGADIA,**

**JUDGE CODE NO GJ01695**